ભગવાન શ્રી મહાવીર સ્વામીનાં ૨૬માં શતાબ્દી વર્ષ કલ્યાણક વિશેષાંક

વર્ષ : ૪ અંક : ૨૬ સળંગ અંક : ૧૮૨(અ) Tech/47-198/MBI/2002

જૈનો જાગો - જ્ઞાન-સ્વભાવ

સ્વરૂપ સ્વભાવે - મુક્તિ પ્રભાવે

શ્રેણી શ્રી મહાવીર સ્વામી

ભગવાનના શાસનને સમર્પિત

Website : www.jainojago.com

# ગુર્જરમાત

તા. ૨૬ એપ્રિલ ૨૦૦૨ • પાનાં - ૪

• કિંમત : જિનશાસન ભક્તિ

# ''વિશ્વ કલ્યાણ'' એજ શ્રી તિર્થંકર પરમાત્માનો ''જીવન સંદેશ''

રમેશ વૈજાણી

વિશ્વ કલ્યાણ માટે શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને જગતને અણમોલ તત્વ સિધ્ધાંતો આપ્યાં અને સ્થાપીત કર્યા. ''જેવાં-કે''

''એકાંતવાદને ત્યાગીને અનેકાંતવાદી બનો''.

દરેક વસ્તુસ્થિતીને અનેક વિચારોથી અવલોકન કરો.

મર્યાદીત દ્રષ્ટિ ત્યજીને - દ્રષ્ટિની વિશાળતાં ધારણ કરો.

દરેક પદાર્થ, અલગ-અલગ સ્વરૂપે સત્યાસત્યતાં ધરાવતાં હોય છે,

તેને ઓળખવાની કોશિષ કરો.

સંજોગોને સંઘર્ષનાં માર્ગે લઈ જવાની ''બદલે''

સમાધાનનાં માર્ગે લાવીને સર્વશ્રેષ્ઠ સંજોગો બનાવો.

''માનવમાત્ર - ભુલને પાત્ર'' માનીને - સમજીને - સ્વિકારીને

નમ્રતાપૂર્વક ''ક્ષમા માગો અને ઉદારતાંપૂર્વક ક્ષમા આપો''.

''એજ''

''વેરવૃતિનાં વિનાશનું અમોઘ સાધન છે''.

''અને-એજ''

માનવમાત્રને નિર્ભયતાં આપશે અને અભયતાં પ્રાપ્ત કરાવશે.

''માટે-જ''

અહિંસા પરમો ધર્મ ''એ'' સર્વશ્રેષ્ઠ માનવધર્મ છે.

''અને-એજ''

સર્વ ધર્મોનું મુળ સ્થાનક બને છે અને ગણાય છે.

''અને-એમાંજ''

વિશ્વશાંતિનું - વિશ્વકલ્યાણનું સ્વરૂપ રહેલું છે.

''એજ''

શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનનો જીવન સંદેશો રહેલો છે.

''અને-એ''

ધારણ કરવામાં જ વિશ્વ બંધુત્વની - વિશ્વ પ્રેમની -

ભાવનાં જળવાયેલી અને સ્થપાયેલી છે.

# ''વિશ્વ કલ્યાણ'' એજ શ્રી તિર્થંકર પરમાત્માનો -''જીવન સંદેશ''



**વર્તમાન** કાળ અને ક્ષેત્રમાં આપણને - ''જે'' - જૈન સંપ્રદાય-સમાજની અને જૈનધર્મની -''જે'' પ્રાપ્તી થઈ - તેનાં સ્થાપક **ચરમ તિર્થંકર શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાન** હતા. ''અને''

તેમનાં ''જ'' શાસનમાં આપણે - અનુશાસનથી વર્તીયે છીએ તે આપણું સદ્ભાગ્ય અને અહોભાગ્ય છે. ''અને-એવાં''

પરોપકારી - પરમ ઉપકારી - **શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનની ૨૬મી શતાબ્દી વર્ષ કલ્યાણકનો મહોત્સવ** ઉજવવાનો ઉત્સવ આપણને પ્રાપ્ત થયો છે. ''એ'' આપણાં જીવનની **''ધન્ય ભાગ્ય - ધન્ય ઘડી''** છે.

''ત્યારે''

કરૂણાનાં સાગર - કૃપાનિધાન **શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને** - આપણી ઉપર કેવાં-કેવાં ''કૃપાનાં-દાન'' કર્યા છે, તેનો આપણે સમ્યક બુદ્ધિએ વિચાર કરીએ.

૧ **શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને** - ચતુર્વિધી સંઘની સ્થાપનાં કરીને - તેની ''આચાર સંહિતાં'' આપીને જગતનાં સર્વશ્રેષ્ઠ સંપ્રદાયમાં ગણનાં કરાવી આપી.

૨ **શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને** - મોક્ષનાં-મોક્ષમાર્ગનાં ''અત્યંત્ય સુક્ષ્મ તત્વોનું અને સ્થુળ દ્રવ્યનું'' જ્ઞાન પ્રકાશીત કરીને - જ્ઞાન આપીને - જગતનાં સર્વશ્રેષ્ઠ મોક્ષમાર્ગની ગણનાં કરાવીને ''બુદ્ધીગમ્ય અને અનુભવરમ્ય'' ''મોક્ષ પ્રાપ્તીનો'' મોક્ષમાર્ગ આપ્યો.

૩ **શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને** - ગુરૂ પરંપરાએ - ગુરૂજ્ઞાને - ગુરૂધ્યાને - ગુરૂધર્મ આપવાં ''માટે'' શ્રેષ્ઠ આચારો સહીતની - સર્વશ્રેષ્ઠ સાધુ-સંસ્થા સ્થાપી અને આપણને આપી ''કે-જેની'' ગણનાં જગતની સર્વશ્રેષ્ઠ સાધુ-સંસ્થામાં થાય છે.

૪ **શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને** - જૈન સંપ્રદાયનાં શ્રાવક-શ્રાવિકાઓ સંસારમાં સંસારીક જીવન જીવતાં-જીવતાં સરળતાંએ ''મોક્ષ પ્રાપ્તીનાં ગુણોનું - પ્રાગટ્ય થાય'' એવાં ''નિયમોને આધિન'' સમાજ વ્યવસ્થા સ્થાપી અને આપણને આપી.

૫ **શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને** - ''જગત કલ્યાણે - જીવ કલ્યાણ''નાં આધાર ''માટે'' ''સંપૂર્ણ ધર્મનો સાર'' - ''પૂર્ણ ભવ-મુક્તિનો માર્ગ'' ''માત્ર''

''એક વાક્યમાં આપી દીધો - અને સ્થાપી દીધો.''

''કે''

''અહિંસા-પરમો-ધર્મ''-

''અહિંસા ''એજ'' મોક્ષનું દ્વાર છે''

અહિંસક બનો અને અન્યને નિર્ભયતાં આપો,
અહિંસક બનો અને સ્વયમ અભયતાં પામો.

''અને-એ-માટે''

**''ક્ષમા લેવી - અને ક્ષમા આપવી'' એને ''પ્રમુખ અને પ્રખર - ગુણ ગણાવ્યા છે''.**

''કે-જેનાં - બળે અને ફળે''

બાળજીવમાં - અનેક ગુણોનું પ્રાગટ્ય થાય છે.

''જેવાં કે''

૧ બાળજીવમાં સહનશીલતાંનો મહાન ગુણ પ્રગટે છે.
૨ ક્રોધની મંદતાંએ ક્ષિણતાં થઈને ક્રોધ નાશ પામે છે.
૩ ટીકા-નિંદા-દ્વેષ-દુર્ભાવનાં-ભાવ નિકળી જાય છે.
૪ સહિષ્ણુંતા - સમભાવ - સદ્ભાવનાં - પ્રગટે છે.
૫ દયા - કરૂણાં - અનુકંપા જાગૃત થાય છે.
૬ ઉદારતાં-નમ્રતા-નિરાભીમાનીપણું પ્રાપ્ત થાય છે.
૭ વિનય-વિવેક અને પરમ આદરનાં ગુણો પ્રગટે છે.
૮ ''સત્યાસત્યનું - વિવેકજ્ઞાન અને વિવેકભાન'' પ્રગટે છે. આદિ

અનેક ગુણો બાળજીવમાં પ્રગટે છે અને તેનો પ્રભાવ 'જાણતાં-અજાણતાં' અન્ય બાળજીવો ગ્રહણ કરે છે.

''અને-તેમાંજ''

**''જીવ કલ્યાણે - જગત કલ્યાણ'' સમાયેલું છે.**

''આવાં''

**અદ્ભુત - અલૌકિક - અણમોલ - અલભ્ય - મોક્ષનાં વરદાનનું દાન આપનાર - શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનને - સર્વ સમયથી - અત્યંત્ય ભક્તિભાવે - અતિ-અતિ-અત્યંત્ય નિષ્કામ ભાવે ''અગણીત ઉપકારી સ્વરૂપે'' - ''ત્રિકાળ-દર્શીનીને - ત્રિકાળ ભાવે'' ''વંદનાં-વંદીએ''** ''અને''

**શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને** કર્યુ છે તેવું નહીં, ''પણ'' તેમણે કહ્યું છે, તેવું કરવાનું - તેવું ધારણ કરવાનું - સામર્થ્ય અને શક્તિ પ્રાપ્ત થાય તેવી ઈશ્વર પાસે દિનભાવે - યાચકભાવે ''પ્રાર્થનાંએ - યાચનાં કરીએ''-

''કે-જેનાં - ફળ પરિણામે''

**શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાન**નાં યોગબળનું આસન પ્રાપ્ત થાય...

''એજ''

''ફરી ફરીને - યાચકભાવે - યાચનાં યાચીએ''

## ''વિશ્વ બંધુત્વ 'એજ' બંધારણ''

**દુનિયાનો પ્રત્યેક માનવી - વર્તમાન કાળમાં ભયાનક-આતંકવાદનાં ખોફનાક ભયનાં ઓથાર તળે - જીવન જીવી રહ્યો છે,**

**''કારણ-કે''**

**જગતનાં સર્વ ધર્મ સંપ્રદાયોનાં - શ્રી ઈષ્ટદેવોએ આપેલો સંદેશો અને પવિત્ર ધર્મગ્રંથોમાં ફરમાવેલું - જ્ઞાન-આજ્ઞા-ફરમાન-સ્વરૂપનો આદેશ ''કે''**

**''ઈશ્વર માનવ માત્રમાં રહેલો છે અને ઈશ્વર સર્વત્ર વિશ્વ વ્યાપી છે,'' ''માટે''**

**પ્રથમ માનવ બનીને - માનવિય ભાવનાંઓ કેળવીને - માનવતાંનાં ગુણો પ્રગટાવીને - વિશ્વ બંધુત્વની ભાવનાં ભાવતાં-ભાવતાં - મૈત્રી ભાવનાંને સુદૃઢ કરતાં કરતાં ભાઈચારાનાં ભાવે માનવ પ્રેમની - સુવાસ ફેલાવવી.**

**''પણ''**

**વર્તમાન કાળમાં - માનવીએ તેનું વિસ્મરણ અને વિસર્જન કર્યુ ''માટે'' માનવી-પ્રત્યેક માનવી ભયભીત બન્યા. ''માટે''**

**વર્તમાનકાળમાં શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને આપેલો સંદેશો ''અહિંસા પરમો ધર્મ'' અને પ્રત્યેક માનવીની નમ્રતાપૂર્વક ક્ષમા લેવી અને પ્રત્યેક માનવીને ઉદારતાંપૂર્વક ક્ષમા આપવી ''એજ'' તત્વ સિધ્ધાંતે અને સિધ્ધાંત સારે - આતંકવાદનાં ભયને - નેસ્ત-નાબુત કરી શકે છે - ''અને-એજ'' સર્વશ્રેષ્ઠ અને સરળ-સર્વોતમ ઉપાય છે.**

**''કારણ-કે''**

**એક આતંકવાદીનાં નાશમાંથી - અનેક આતંકવાદીઓ ઉદ્ભવે છે અને આતંકની પ્રક્રિયા ચાલું રહે છે, અને આતંકનો ભય ફેલાતો જાય છે. ''માટે-જ''**

**વિશ્વને હિંસા મુક્ત કરવું ''એજ'' અહિંસા પરમો ધર્મ છે.''અને-એજ'' સર્વ સંપ્રદાયોનાં શ્રી ઈષ્ટદેવોનો ધર્મ સંદેશો છે.**

(શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનનાં કલ્યાણક મહોત્સવનાં - ઉત્સવ આધારીત આગળ ''બે-વખત'' શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનનાં સ્વરૂપનું યથાર્થ ભાવે - યથાર્થપણાંની વિસ્તારથી વિચારણાં કરેલી છે, માટે આ વિશેષાંકમાં વિશેષ વિચારણાં વિચારેલી નથી). **''સર્વ-સારાંશે''**

૧ **શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને** - આપણને - શાસન આપીને - અનુશાસીત કર્યા.

૨ **શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને** - સંસ્કૃતિ સ્થાપીને - આપણને - સંસ્કારી બનાવ્યા.

૩ **શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને** મહાન કૃતિઓ આપીને - આપણને - પ્રતિકૃતિ બનવાની પ્રેરણાં આપી.

૪ **શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને** - આપણમાં - ક્ષમાનો સિધ્ધાંત સ્થાપીને - અહિંસાધારી બનાવ્યા.

૫ **શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને** - આપણને આત્મધર્મ આપીને - એકતાંવાદી બનાવ્યા.

૬ **શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને** - આપણને - અનેકાંતવાદ આપીને ''નેક વિચારવાદી'' બનાવ્યા.

૭ **શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને** - આપણને - મધ્યસ્થભાવ આપીને - સમાધાનકારી બનાવ્યા.

૮ **શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને** - ''નય-નિશ્ચયનો બોધ સ્થાપીને'' આપણાં ''નયનોની'' વિશાળતાં કરાવી.

''આવાં''

અનેકાનેક ઉપકાર - પરોપકારી - પરમ ઉપકારી - **શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને** - આપણી ઉપર ચડાવ્યાં છે, ''ત્યારે'' આપણે શ્રી તિર્થંકર પરમાત્મા ''માટે'' શું કર્યુ ?

**શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાને** - આપણને - સિધ્ધાંત બોધ આપ્યો છે.

''તે''

પ્રતિમાજીઓ બનાવવાં ''માટે'' ''કે'' પુજાવાં માટે નહીં. ''પણ''

સિધ્ધાંતબોધ ધારણ કરવાં માટે આપ્યો છે.

''અને''

સિધ્ધાંતબોધને ધારણ કરવાનાં - આધાર સ્વરૂપે પ્રતિમાજીઓ અને પુજનો સ્વિકાર્ય છે.

''પણ''

પ્રતિમાજીઓનાં નામે અને પુજનોનાં આધારે - વાદ-વિવાદ અને સંઘર્ષો સદા-સર્વદા અસ્વિકાર્ય છે.

''માટે''

**મત-મતાંતરોનો - ગચ્છ-પંથનો આગ્રહ તજીને - દેરાવાસી-સ્થાકવાસીનો કે દિગંબરનો વાદ-વિવાદ વિસરીને જૈન સંપ્રદાયની એકતાં અને અખંડિતતાં સિધ્ધ કરવામાં 'જ' જૈન સંપ્રદાયનાં 'મહાભાગ્યવાન' શ્રાવક-શ્રાવિકાઓ અને સાધુ-સાધ્વીજીઓનું આત્મકલ્યાણ રહેલું છે. ''અને-એજ'' આત્મ કલ્યાણની ભાવનામાં વિશ્વ કલ્યાણની ભાવનાનું ઉગમ સ્થાન રહેલું છે.**

''અને-આજે''

**વિશ્વને ક્યારેય જરૂર ન પડી હોય ''એટલી'' આજે શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનનાં ''તત્વ-સિધ્ધાંતની'' આવશ્યકતાં ઉભી થઈ છે.** (જગતમાંથી ભયની નાબુદી ''માટે'' ક્ષમા લેવી - ક્ષમા આપવી અને અહિંસક બનવું ''એમાંજ'' નિર્ભયતાંનું-અભયતાંનું ''આદાન-પ્રદાન'' રહેલું છે).

# ''વિશ્વ કલ્યાણ'' એજ શ્રી તિર્થંકર પરમાત્માનો -''જીવન સંદેશ''

રમેશ વૈજાણી

જગતમાં ત્રાસવાદ-આંતકવાદનો ભય અનાદી કાળથી પ્રવર્તે છે, ''પણ'' એ ત્રાસવાદ-આંતકવાદનો ભય મર્યાદીત ક્ષેત્રમાં - થોડા સમય પુરતો રહીને શાંત પડી જાય છે. ''કારણ-કે'' ત્રાસવાદી-આંતકવાદી બનવાનાં મુળમાં અનેક પ્રકારનાં કારણો રહેલાં છે, ''પણ'' મુખ્ય કારણો સ્વરૂપે - આર્થિક શોષણ - સામાજીક શોષણો - રાજકીય શોષણો કે ધાર્મિક શોષણોને પ્રમુખપણે ગણી શકાય. ''અને-તેનો''

> સાધનાનાં - સાધનને - સળગતો કરીને - સળગતો રાખવાની - સેવનાં - સેવતાં - સળવળીયા સેવકો

શાંતિપૂર્ણ સમાધાનકારી ઉકેલ લાવવાંથી ત્રાસવાદનાં ખોફનાક ભયનો નાશ થાય છે. ''પણ'' વર્તમાનકાળમાં - દુનિયા નાની થઈ ગઈ છે, નજીક આવી ગઈ છે અને દ્રષ્ટિ ટુંકી થઈ ગઈ છે.

''તેનાં- - ફળ પરિણામે''

વ્યક્તિનાં કારણે કુટુંબ ત્રાસનાં ભયનો ભય અનુભવે છે, કુટુંબનાં કારણે કુટુંબીઓ ત્રાસનાં ભયનો-ભય અનુભવે છે, કુટુંબીઓનાં કારણે સમાજ-સંપ્રદાય ત્રાસનાં ભયનો-ભય અનુભવે છે, સમાજ-સંપ્રદાયનાં કારણે ગામ-નગર ત્રાસનાં ભયનો-ભય અનુભવે છે, ગામ-નગરનાં કારણે દેશ ત્રાસવાદનાં ભયનો-ભય અનુભવે છે અને દેશનાં કારણે - દુનિયા ત્રાસવાદનાં ભોગનો અને ભયનો-ભય અનુભવે છે. ''કારણ-કે''

> મોટા માથા અને માથાભારે માનવીઓ કાળા માથાનાં માનવીનાં ''માથા ફોડવાં'' - માથાફોડી કરે છે.

દુનિયાનો સૌથી વધારે - સત્તા-સંપતિ અને સમૃદ્ધિ ધરાવતો દેશ અને દુનિયાની સૌથી વધારે સુરક્ષીત રખાયેલી વ્યક્તિ ''પણ-જો'' ત્રાસવાદ-આતંકવાદનાં ભોગનો - ભય અનુભવતાં હોય ''તો'' સામાન્ય વ્યક્તિની સલામતિ માટે શું વિચારાય ? ''કારણ-કે'' વર્તમાન કાળમાં દુનિયાની કોઈપણ વ્યક્તિ માટે (દોષિત હોય કે નિર્દોષ હોય) આંતકવાદનાં ઓળા (મોત) ક્યારે-ક્યાંથી - કેવા સ્વરૂપે અને કયા સમયે અને કયા ક્ષેત્રમાં (આવશે) વરસશે તેની ખબર નથી.

''તેથી''

દુનિયાનો - દરેક માનવી - ''ક-સમયનાં-મોતનાં'' ભયનાં ''ઓથાર'' નીચે જીવે છે.

> શાંતિ માટે અશાંતિનો આધાર ધારણ કરીને - શાંતિદુત બનેલાં શાંતિકારો

**સામાન્ય માનવી - ઈશ્વરનાં ભરોસે જીંદગી જીવે છે.**

**''અને''**

**આતંકવાદીઓ - સમાન્ય માનવીને - ઈશ્વરનાં નામે મોતને ઘાટ ઉતારે છે. (સમયની - અત્યંત્ય વિચિત્રતાં)**

**''સર્વ-સારાંશે''**

**જગતનાં સર્વ ધર્મ સંપ્રદાયોનાં - મહાન અવતારી પુરુષોએ - શ્રી ઈષ્ટદેવોએ - સંપ્રદાયનાં અનુયાયીઓને માનવપ્રેમ - માનવિય ભાઈચારાનો અને સદ્‌ભાવનાંએ સદ્‌વ્યવહારનો મહાન સંદેશો આપ્યો છે.**

''અને''

પાવન-પવિત્ર ગ્રંથોમાં (શ્રી શાસ્ત્રોમાં) ''પણ'' ''એજ'' ફરમાને-ફરમાવ્યું છે. ''પણ'' કહેવાતાં સત્તાધીશો અને રાજ્યસત્તાધીશોએ - ''સર્વસત્તાધીશની-સત્તા'' મેળવવાં માટે અને જાળવવાં ''માટે'' શામ-દામ-ભેદ-દંડની નિતીઓ અખત્યાર કરીને - ત્રાસવાદને ડામવાં ''માટે'' ત્રાસવાદને જાળવવાં ''માટે'' સ્વયમ્ ત્રાસવાદીઓ બની ગયા. (જાહેરમાં નેતાનું કે રાજનેતાનું મહોરૂં પહેર્યુ ''એજ'' જાહેર જનતાંનું દુર્ભાગ્ય છે).

''ત્યારે''

ભારત એક અખંડિત અને સંપૂર્ણ લોકશાહીને વરેલો દેશ છે ''કે-જે-ભુમિ'' - સદ્‌ગુરુ-સંતો-મહાત્માઓ-સુફી સંતોનાં ''પાવન ચરણ કમળથી'' પવિત્ર થયેલી - પાવન ભુમિ છે.

''અને-તે-ભુમિમાં''

વસતાં - માનવ માત્રની સંપૂર્ણ ધાર્મિક સ્વતંત્રતાં જળવાય - સુવ્યવહારીક સામાજીક જીવન સ્થપાય અને જીવન-નિર્વાહની પૂર્ણ સલામતિ પ્રાપ્ત થાય

## ''મદ્યમ માર્ગ અને મદ્યસ્થ ભાવ ''એજ'' સમસ્યાનું સમાધાન''

**જ્યારે કોઈપણ બે ધર્મ સંપ્રદાયો વચ્ચે 'ગમે-તે-વસ્તુ-સ્થિતીનાં' કારણે વાદ-વિવાદ અને સંઘર્ષનું વિકરાળ સ્વરૂપ ધારણ કરે છે,**

**''ત્યારે''**

**બંને સંપ્રદાયોનાં - આમ માનવીઓનાં જીવન જોખમાય છે. ''અને''**

**બંને સંપ્રદાયોનાં - સામાન્ય માનવીઓની - ધાર્મિક સ્વતંત્રતાં જોખમાય છે. બંને સંપ્રદાયોનાં સામાન્ય માનવીઓનાં સામાજીક-વ્યવહારીક વ્યવહારોનો ભંગ થાય છે અને બંને સંપ્રદાયોનાં - સામાન્ય માનવીઓની જીવન આજીવીકા સ્વરૂપની - વ્યાપારીક - આર્થિક અસલામતિ ઉભી થાય છે. ''અને''**

**બંને સંપ્રદાયોનાં - સામાન્ય માનવીઓ - અસામાન્ય વેદનાંઓ અને પિડાઓ - જીંદગીભર ભોગવે છે. ''કારણ-કે''**

**ધર્મ સમસ્યાનું નિરાકરણ - બંને સંપ્રદાયોનાં અહંકાર-અભિમાન અને અધિકારમાં - રાચતાં -કહેવાતાં ધર્મનેતાઓ કે રાજનેતાઓનાં હાથમાં સોંપ્યું હોય છે, ''અને-તેઓ'' સમસ્યાનાં નિરાકરણનાં માર્ગને નિવારવામાં સતત પ્રયત્નશીલ રહે છે. ''કારણ-કે'' તેઓને ધર્મસત્તા - રાજસત્તા મેળવવી અને જાળવવી છે. ''અને''**

**જેઓને ધર્મ કરવો નથી - સામાજીક વ્યવહારીક સબંધોનાં બંધનો નથી ''અને'' જીવન આજીવીકા કરવાની કે જાળવવાની ઉપાધી નથી ''તેઓ'' સામાન્ય માનવીઓનાં - દુઃખ-દર્દો કેવી રીતે જાણી શકે ? ''જ્યારે''**

**બંને સંપ્રદાયોનાં - આર્થિક અને સામાજીક આગેવાનો-શ્રેષ્ઠીઓ આગળ આવીને, ધર્માંધતાંથી દુર રહીને - દુર રાખીને, બંને સંપ્રદાયોનાં સામાન્ય માનવીઓનો વિચાર કરીને સમસ્યાનું નિરાકરણ શોધે 'તો' નિવારણ સરળ અને સહજ છે. ''અને-એમાંજ'' દેશની એકતાં-અખંડિતતાં અને સાર્વભૌમત્વ જળવાયેલી છે. ''અને''**

**દેશ સમૃદ્ધીનાં શિખરે બિરાજમાન થાય.**

**''અને''**

**દેશનો દરેક નાગરીક - નિર્ભયતાંપૂર્વક ધાર્મિક સ્વતંત્રતાં ધારણ કરે - સામાજીક પ્રસંગોને ઉત્સાહથી ઉજવે અને જીવન આજીવીકાની સંપૂર્ણ સલામતિ પામે. ''અને-એમાંજ''**

**માનવ જીવનનું સફળપણું અને સાર્થકપણું રહેલું છે.**

''એવાં'' મહાન માનવ કલ્યાણ અર્થે ''તત્વ-સિધ્ધાંતોનું'' પ્રકાશીતપણું અને પ્રભાવીતપણું થાય ''એજ'' વર્તમાન સમયની અને વિશ્વ કલ્યાણની ''માગ'' છે. ''અને-તે-માટે''

> અહિંસાની વાતો કરનાર - અહિંસકતાં ધારણ કરવાં - હિંસાનો આધાર લઈને - હિંસાચારી બન્યા.

**પ્રથમ આપણે (જૈનો) જાગીએ - ઉભા થઈએ - તત્વો સિધ્ધાંતો ધારણ કરીએ અને પ્રકાશીત કરીને ''વિશ્વ વ્યાપી'' બનાવીએ ''એમાંજ'' વિશ્વ કલ્યાણની ભાવનાંઓનું સાકાર સ્વરૂપ રહેલું છે. ''અને-એજ''**

**શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનની ''સવી જીવ કરૂં - શાસન રસીની''** ભાવનાંઓનું સાર્થકપણું રહેલું છે અને સાતત્વ જળવાયેલું છે. ''માટે-જો''

> પ્રેમનાં પુજારીઓએ - પ્રભુનાં પ્રેમને પામવાં - પ્રેમને પીંખી નાખ્યું ''અને'' ધર્મને સાચવવાં - ધર્મનાં નામે - કહેવાતાં ધર્મીઓ - અધર્મી બન્યા.

આપણે **શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનનાં** - અનંતા ઉપકાર માનતાં હોઈએ - ગણતાં હોઈએ ''તો'' ઉપકાર ઉતારવાનાં અલ્પ પ્રયાસ સ્વરૂપે - **શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનનાં 'તત્વ સિધ્ધાંતોને'** પ્રકાશીત કરીને 'વિશ્વ-વ્યાપી' બનાવીએ. ''એજ''

> જીવન જીવવાં ''માટે'' જીવન જીવવાંની - જીજીવિષાવાળા જીવો - ''જીવ - જીવન'' લેવાં નિકળ્યાં.

**શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનની - ૨૬મી શતાબ્દી વર્ષ કલ્યાણકને - ઉત્સવ સ્વરૂપે મહોત્સવ બનાવીએ - મનાવીએ - અને ધારણ કરીએ ''એજ'' જૈન સંપ્રદાયનાં - સર્વ ભવ્યાત્માઓનું ''માત્ર'' કર્તવ્ય જ નહીં, ''પણ'' જીવન કર્તવ્ય છે અને જીવન કર્તવ્યી બનીએ.**

> સત્યને સ્વિકારવાની ''બદલે'' સત્યને સ્થાપિત કરવાં - સત્યને નામે - અસત્યવાદી બન્યા.

''અને''

**શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનનાં ''તત્વ-સિધ્ધાંતો અને અહિંસા પરમો ધર્મનો''** સંદેશો જગપ્રસિદ્ધ કરીને - વિશ્વ વ્યાપી બનાવીએ અને વિશ્વને સુખ-શાંતિ અને સમૃદ્ધિએ - આત્મ કલ્યાણકારી બનાવીને આનંદ મંગળનાં ભાવે જગત આનંદમય બને. 'એજ'

> ત્રાસવાદનાં - ત્રાસથી - ત્રાસીને - ત્રાસવાદને ડામવાં - ત્રાસવાદને નાથવાં ''માટે'' ત્રાસવાદનું ત્રાજવું લઈને ''સ્વયમ્'' - ત્રાસવાદી બન્યા.

મનોકામનાંએ - મનોભાવનાંએ - મનોવાંછીતપણાંએ - શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનની ૨૬મી શતાબ્દી વર્ષ કલ્યાણકની ઉમદા અને ઉતંગ ભાવનાંએ ઉત્સવ ઉજવીએ ''એજ''

**શ્રી તિર્થંકર પરમાત્મા શ્રી મહાવીર સ્વામી ભગવાનને ભક્તિભાવે અહો-અહોનાં ભાવે ત્રિકાળ વંદનાંએ સર્વભાવોની વંદનાં.**

આનંદ - આનંદ - આનંદ

પ્રભુ - પ્રભુ - પ્રભુ